# સશસ્ત્ર સીમા બળ (એસ.એસ.બી.) અધિકારી

નેપાળ અને ભૂતાન સાથેની ભારતની સરહદોની રક્ષા માટે એસ.એસ.બી. અધિકારી અથવા સશસ્ત્ર સીમા બળ અધિકારી જવાબદાર છે. મૂળ રૂપે ૧૯૬૩માં સ્થપાયેલ, સશસ્ત્ર સીમા બાળ મુખ્યત્વે સીમા પારના ગુનાઓ અને દાણચોરી તેમજ દેશ અને તેના પ્રદેશોની સીમા અંદર અન્ય રાષ્ટ્રવિરોધી પ્રવૃત્તિઓને રોકવાને લગતી કામગીરી કરે છે.

## વ્યક્તિગત નિપુણતા

- લોકોને મદદ કરવી તમને ગમે છે
- તમને બહાર કામ કરવાનું ગમે છે
- તમે દેશની સેવા કરવા અને શૌર્ય પ્રદર્શિત કરવા માટે ઉત્સુક છો
- સ્પષ્ટ સૂચનાઓને અનુસરવાનું તમને પસંદ છે




ફી

આ અભ્યાસક્રમની ફી આશરે રૂ. ૬,૦૦૦ થી ૧૦,૪૬,૦૦૦* જેટલી હોય છે

*આ અંદાજિત રકમ છે અને વિવિધ શૈક્ષણિક સંસ્થાઓ મુજબ તેમાં ફેરફાર હોય શકે છે.

## શિષ્યવૃત્તિ

- **રાષ્ટ્રીય શિષ્યવૃત્તિ પોર્ટલ** - **www.scholarships.gov.in**ની મુલાકાત લો. આ પોર્ટલ હેઠળ કેન્દ્ર સરકારના વિવિધ વિભાગો, UGC/AICTE યોજનાઓ તેમજ રાજ્ય દ્વારા અમલમાં મુકવામાં આવેલી યોજનાઓ દ્વારા આપવામાં આવતી સહાય અંગેની માહિતી ઉપલબ્ધ છે.*
- ઉપલબ્ધ શિષ્યવૃત્તિની વિગતો માટે **digitalgujarat.gov.in**ની મુલાકાત લો. ધોરણ XI થી શરૂ થતી શિષ્યવૃત્તિ માટે આ એક પ્રવેશદ્વાર છે.*
- યોગ્યતાના આધારે સંસ્થાઓમાં પણ શિષ્યવૃત્તિ ઉપલબ્ધ છે.*

*(આ શિષ્યવૃત્તિની ઉપલબ્ધતા સમયાંતરે બદલાઈ શકે છે.)

## લોન

- વિદ્યાલક્ષ્મી, **www.vidyalakshmi.co.in**, શૈક્ષણિક લોન મેળવવા માંગતા વિદ્યાર્થીઓ માટેનું એક પોર્ટલ છે. આ પોર્ટલ નાણાકીય સેવા વિભાગ, (નાણાં મંત્રાલય), ઉચ્ચ શિક્ષણ વિભાગ (શિક્ષણ મંત્રાલય) અને ઈન્ડિયન બેંક્સ એસોસિએશન (IBA)ના માર્ગદર્શન હેઠળ વિકસાવવામાં આવેલ છે.
- કેટલાક રાજ્યોમાં ઓછા વ્યાજ દરો સાથે વિદ્યાર્થી ક્રેડિટ કાર્ડ ઉપલબ્ધ છે, ઉદાહરણ તરીકે, પશ્ચિમ બંગાળ, ઓડિશા, બિહાર, વગેરે.
- તમામ બેંકો શૈક્ષણિક લોન આપે છે.

## પ્રવેશ માટે...

૧. કોઈપણ પ્રવાહમાં ધો. ૧૨ પૂર્ણ કરો.

૨. કોઈપણ વિદ્યાશાખામાં સ્નાતકની ડિગ્રી પૂર્ણ કરો.

૩. સહાયક કમાન્ડન્ટ બનવા માટે UPSC દ્વારા લેવામાં આવતી CAPF SSB પરીક્ષા તેમજ કેટલીક શારીરિક કસોટીઓ પાસ કરો.

કૃપા કરીને નોંધણી દરમિયાન અભ્યાસક્રમનો સમયગાળો તપાસો.

## અપેક્ષિત આવક

*અહી આપલે આંકડાઓ ફક્ત સૂચક છે અને ફેરફારને પાત્ર છે

સશસ્ત્ર સીમા બળ (એસ.એસ.બી.) અધિકારીનું માસિક વેતન રૂ. ૨૧,૭૦૦ થી ૬૯,૧૦૦* જેટલું હોય છે.

સ્રોત:pensionersportal.gov.in/seventhCPC/7cpc_report_eng.pdf

## તમે ક્યાં કામ કરશો?

**કાર્યસ્થળ :** તમે એસ.એસ.બી.ની વિવિધ બટાલિયનમાં રોજગાર મેળવી શકો છો જેમાં ઓપરેશન્સ અને ઈન્ટેલિજન્સ, પર્સોનલ અને ટ્રેનિંગ, એડમિનિસ્ટ્રેશન, પ્રોવિઝનિંગ અને કોમ્યુનિકેશન, મેડિકલ વગેરે જેવા અનેક વિભાગો છે.

**કાર્યસ્થળનું વાતાવરણ:** સામાન્ય રીતે અઠવાડિયામાં ૬ થી ૭ દિવસ, પ્રતિ દિવસ ૮ થી ૯ કલાક ફરજ બજાવવાની હોય છે. શિફ્ટ સિસ્ટમ અમલમાં છે. તમારી પાસેથી પડકારજનક પરિસ્થિતિઓનો સામનો કરવાની અપેક્ષા રાખવામાં આવે છે. મોટા ભાગે બહારની કામગીરી કરવાની રહે છે.

આ ક્ષેત્રમાં દિવ્યાંગ લોકો માટે કામ કરવાની તકો ઉપલબ્ધ છે.

## અપેક્ષિત પ્રગતિ પથ

આસિસ્ટન્ટ કમાન્ડન્ટ → ડેપ્યુટી કમાન્ડન્ટ → કમાન્ડન્ટ → ડેપ્યુટી ઈન્સ્પેક્ટર જનરલ (ડી.આઈ.જી.) → ઈન્સ્પેક્ટર જનરલ (આઈ.જી.) → એડિશનલ ડાયરેક્ટર જનરલ (એ.ડી.જી.) → સ્પેશિયલ ડાયરેક્ટર જનરલ → ડાયરેક્ટર જનરલ (ડી.જી.)

**સર્ચ માટેના કીવર્ડ્સ ...**

એસ.એસ.બી. ભરતી, હેડ કોન્સ્ટેબલ, એસ.એસ.બી. કોન્સ્ટેબલ

## તમે અભ્યાસ ક્યાં કરશો?

સંસ્થાઓની આ યાદી માત્ર સૂચક છે.

**એસ.એસ.બી. તાલીમી સંસ્થાઓ**

૧. સલોની બારી તાલીમ કેન્દ્ર, આસામ
૨. ગ્વાલડેમ તાલીમ કેન્દ્ર, ઉત્તરાખંડ
૩. સાપરી તાલીમ કેન્દ્ર, હિમાચલ પ્રદેશ
૪. SSB એકેડમી, શ્રીનગર
૫. સરાહન તાલીમ કેન્દ્ર, હિમાચલ પ્રદેશ



મને સ્કેન કરો

વેબસાઈટ પર જુઓ

## સાફલ્ય ગાથા

**અર્ચના રામાસુંદરમ** - કેન્દ્રીય અર્ધલશ્કરી દળનું નેતૃત્વ કરનાર પ્રથમ મહિલાઓમાંના એક, અર્ચના રામાસુંદરમે રાજસ્થાન યુનિવર્સિટીમાંથી અર્થશાસ્ત્રમાં સ્નાતક થયા પછી પોલીસ અધિકારી તરીકેની કારકિર્દી પસંદ કરી. ૩જી ફેબ્રુઆરી, ૨૦૧૬ ના રોજ તેમની નિમણૂક સશસ્ત્ર સીમા બળના ડી.જી. તરીકે કરવામાં આવી હતી.*

સ્રોત:https://www.samanyagyan.com/eng/biography-archana-ramasundram

*ઉપરોક્ત માહિતી ફક્ત તાલીમ હેતુઓ માટે છે અને તેનો ઉપયોગ કોઈપણ વ્યવસાયિક લાભ માટે કરવામાં આવશે નહીં.